RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 274* Date: 31.07.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## મધ્ય-પૂર્વના દેશોમાં કોરોનાની ચોથી લહેર ઘાતક બની રહી છે: WHO

જિનિવા,તા.૩૦

કોરોના વાઈરસના ડેલ્ટા વેરિયેન્ટ હાલ વિશ્વના કેટલાક દેશોમાં ભારે ઝડપથી પ્રસરી રહ્યો છે. નિષ્ણાતો અનુસાર કોરોનાના નવા વેરિયેન્ટ ઘણો સંક્રમક છે. હાલ મધ્ય-પૂર્વના દેશોમાં કોરોના વાઈરસની ચોથી લહેર ઘાતક બની રહી છે, એમ વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું હતું, કેમ કે આ દેશોમાં કોરોના વાઈરસની સામે રસીકરણની ઝડપ ઘણી ધીમી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ એક નિવેદન જારી કહ્યું હતું કે કોરોનાના ડેલ્ટા વેરિયેન્ટ ઝડપથી ફેલાઈ રહ્યા છે, જેને કારણે મધ્ય-પૂર્વના દેશોમાં દર્દીઓની સંખ્યા અને મૃતકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મધ્ય-પૂર્વના ૨૨માંથી ૧૫ દેશોમાં કોરોના વાઈરસના ડેલ્ટા વેરિયેન્ટનો પ્રકોપ જોવા મળી રહ્યો છે.

આમાંથી કેટલાય દેશોમાં વાઈરસનો સ્ટ્રેન જોવા મળી રહ્યો છે અને મોટા ભાગે જે લોકોનું રસીકરણ નથી થયું તે લોકોને આ વાઈરસનો ચેપ લાગી રહ્યો છે, એમ નિવેદન કહે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના રિજિયોનલ ડિરેક્ટર ડો. અહેમદ અલ મંધારીએ કહ્યું હતું કે આ બધા દેશોમાં ડેલ્ટા વેરિયેન્ટ તેજીથી ફેલાવું એ અમારા માટે ચિંતાનું એક મોટું કારણ છે. છેલ્લાં કેટલાંક સપ્તાહોમાં સંક્રમણના નવા કેસોમાં ૫૫ ટકા અને મોતોની સંખ્યામાં ૧૫ ટકાની વૃદ્ધિ થઈ છે. સાપ્તાહિક ધોરણે કોરોનાના સંક્રમણના કેસોમાં ૩,૧૦,૦૦૦થી વધુ કેસો અને ૩૫૦૦થી વધુ મોત થયાં છે. ટ્યુનિશિયા જેવા દેશ, જેણે ઉત્તર આફ્રિકામાં સૌથી વધુ કોરોનાથી મોતનો સામનો કરી ચૂક્યા છે- એ કોરોનાનો પ્રકોપ રોકવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

### છેલ્લા ૨૪ કલાકમાં ૪૪ હજારથી વધુ પોઝિટિવ કેસ, ૫૫૫ના મોત

# છૂટછાટ ભારે પડી: દેશમાં એક્ટિવ કેસ ૪ લાખને પાર

### કર્ણાટક, તમિલનાડુ, કેરળ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં કોરોનાના વધતા કેસે ચિંતા વધારી, કેરળમાં સતત ત્રીજા દિવસે ૨૨ હજારથી વધારે પોઝિટિવ કેસ



*ન્યુ દિલ્હી,તા.૩૦*

ભારતમાં કોરોનાના નવા કેસની સંખ્યામાં પાછલા કેટલાક દિવસોથી નવા કેસમાં વધારો થઈ રહ્યો છે. કોરોનાના નવા કેસની સંખ્યામાં વધારો થવાની સાથે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઘટતા એક્ટિવ કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. જે એક્ટિવ કેસ ૩ લાખની અંદર આવી ગયા હતા તે ફરી ૪ લાખને પાર કરી ગયા છે. આ સાથે પાછલા કેટલાક દિવસથી નવા કેસની સંખ્યા ૪૦ હજારને પણ પાર જઈ રહી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૪,૨૩૦ કેસ નોંધાયા છે, જ્યારે મૃત્યુઆંક ફરી ૬૦૦ની અંદર આવી ગયો છે. દેશમાં વધુ ૪૨,૩૬૦ દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૭,૪૩,૯૭૨ પર પહોંચી ગઈ છે, જ્યારે કુલ સંક્રમણનો આંકડો ૩,૧૫,૭૨,૩૪૪ પર પહોંચ્યો છે. વધુ ૫૫૫ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૨૩,૨૧૭ થઈ ગયો છે.

કોરોના વાયરસના સાજા થયેલા દર્દીઓની સરખામણીમાં નવા કેસની સંખ્યામાં વધારો થતા એક્ટિવ કેસ ફરી ૪ લાખનો આંકડો પાર કરીને ૪,૦૫,૧૫૫ પર પહોંચ્યો છે. દેશમાં ૧૬ જાન્યુઆરીએ શરુ કરાયેલા રસી અભિયાન પછી ગઈકાલ સુધીમાં કુલ વેક્સીનેશનનો આંકડો ૪૫,૬૦,૩૩,૭૫૪ પર પહોંચ્યો છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૯ જુલાઈ સુધીમાં કુલ ૪૬,૪૬,૫૦,૭૨૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે વધુ ૧૮,૧૬,૨૭૭ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

ગઈકાલે કર્ણાટકમાં (૨,૦૫૨)માં ૧૯ દિવસ બાદ રોજના સંક્રમિતો આંકડો બે હજારની પાર પહોંચ્યો. આ પહેલા અહીં ૧૦ જુલાઈના ૨,૧૬૨ નવા કેસ આવ્યા હતા. તમિલનાડુમાં પણ છેલ્લા એક અઠવાડિયામાં સૌથી વધારે ૧,૮૫૯ કેસ સામે આવ્યા. આ પહેલા ૨૨ જુલાઈના અહીં ૧,૮૭૨ કેસ સામે આવ્યા હતા. મહારાષ્ટ્રની વાત કરીએ તો છેલ્લા એક દિવસમાં કોરોના સંક્રમણના ૭,૨૪૨ નવા કેસ સામે આવ્યા અને ૧૯૦ દર્દીઓના મોત થયા. રાજ્યમાં અત્યારે ૭૮,૫૬૨ દર્દીઓનો ઉપચાર ચાલી રહ્યો છે.

કોરોનાના કારણે અત્યારે દેશના ૮ રાજ્યોમાં પૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. આમાં પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, તમિલનાડુ, મિઝોરમ, ગોવા અને પોન્ડિચેરી સામેલ છે. અહીં ગત લોકડાઉન જેવા સખ્ત પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. તો ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંશિક લોકડાઉન છે.

રાજસ્થાનના ૩૩ જિલ્લામાંથી ૨૭ એવા જિલ્લા છે જ્યા કોરોનાનો એક પણ નવો કેસ સામે આવ્યો નથી અને ના તો છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાથી કોઈ મોત થયુ છે. બીજી તરફ રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૫૯ થઈ ગઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર ગુરૂવારે અહી માત્ર ૧૭ નવા કેસ દર્જ થયા હતા. રાજસ્થાનમાં કોરોનાથી અત્યાર સુધી ૮૯૫૩ લોકોના મોત થયા છે.

## ૩૭૦ની વરસી અને સ્વતંત્રતા દિવસને લઈ JKમાં આતંકી હુમલાને અંગે એલર્ટ જાહેર



ન્યુ દિલ્હી,તા.૩૦

આગામી ૫ ઓગષ્ટના રોજ કલમ ૩૭૦ નાબૂદીની વરસી અને સ્વતંત્રતા દિવસ પર આતંકવાદી હુમલો થઈ શકે છે. તેને ધ્યાનમાં રાખીને જમ્મુમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુપ્તચર એજન્સી દ્વારા મળતા ઈનપુટ પ્રમાણે આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા આઈઈડી લગાવીને જમ્મુ શહેરમાં હુમલો કરવાની યોજના બનાવી રહ્યા છે. તેમાં ધાર્મિક સ્થળોને ટાર્ગેટમાં લેવાનું ષડયંત્ર છે.

પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠનો જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા દ્વારા સાંપ્રદાયિક તણાવ ફેલાવવા માટે મંદિરો પર હુમલો કરવાની યોજના અંગે ઈનપુટ્સ મળ્યા બાદ જમ્મુમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. જાણવા મળ્યા મુજબ ડ્રોન દ્વારા આઈઈડી ફેંકવાની તાજેતરની ઘટનાઓથી જાણવા મળ્યું છે કે, પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન જમ્મુમાં ધાર્મિક સ્થળઓ પાસે ભીડવાળી જગ્યાએ વિસ્ફોટકો લગાવવા પ્રયત્ન કરી શકે છે.

# કેન્દ્ર સરકારે કોવિશીલ્ડ અને કોવેક્સિનના મિક્સ ડોઝના ટ્રાયલને મંજુરી આપી

ન્યુ દિલ્હી,તા.૩૦

બે વર્ષથી કોરોનાએ સમગ્ર વિશ્વમાં તાંડવ મચાવ્યો છે તે હજુ શાંત પડવાનું નામ લેતો નથી એવામાં તેની વિરૂધ્ધ રોજે રોજ નવી નવી વેક્સીન આવી રહી છે પણ એ પહેલીવાર બની રહ્યું છે કે જયારે બે અલગ અલગ વેક્સીનના ડોઝને ભેળવીને ટ્રાયલ કરવા વિચાર થઈ રહ્યો છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશનની કોવિડ-૧૯ પર બનેલી નિષ્ણાંતોની કમિટિએ કોવિશીલ્ડ અને કોવેક્સીનને ભેળવીને તેના ટ્રાયલની ભલામણ કરી છે.

કોરોના વેકિસનેશનમાં મિશ્રિત ડોઝને સામેલ કરવા માટે સરકારે વૈજ્ઞાનિક અભ્યાસની મંજૂરી આપી દીધી છે. આ સાથે જ હવે ટૂંક સમયમાં જ એક જ વ્યકિતને ૨ અલગ-અલગ વેકિસનના ડોઝ મળી શકશે. અત્યાર સુધીમાં સામે આવેલા અન્ય મેડિકલ અભ્યાસમાં ખૂબ સકારાત્મક પરિણામ જોવા મળ્યા હોવાનું જણાયું છે.

એસઈસીની બેઠકમાં કોવિશીલ્ડ અને કોવેકિસન, તે સિવાય નાકથી અપાતી ભારત બાયોટેકની વેકિસન અને સીરિન્જથી અપાતી કોવેકિસનના મિશ્રિત ડોઝ પર અભ્યાસની મંજૂરી આપવામાં આવી છે. ટૂંક સમયમાં જ ભારતીય હોસ્પિટલ્સમાં આ અભ્યાસ શરૂ થશે. સમિતિના એક વરિષ્ઠ સદસ્યએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં અનેક દેશોમાં એક જ વ્યકિતને ૨ અલગ-અલગ વેકિસન આપવામાં આવી રહી છે. ભારતમાં થોડા સમય પહેલા ઉત્તાર પ્રદેશમાં એવી ઘટના સામે આવી હતી જેને બેદરકારી માનવામાં આવેલી કારણ કે, હજુ આપણે વેકિસનેશન કાર્યક્રમમાં મિશ્રિત ડોઝ સામેલ ન કરેલ. હાલ અભ્યાસમાં સારા પરિણામો મળે ત્યારબાદ જ તેને વેકિસનેશનમાં સામેલ કરવામાં આવશે અને સંપૂર્ણ પ્રક્રિયાને હજુ ૩થી ૪ મહિનાનો સમય લાગી શકે છે. સમિતિના સભ્યએ કહ્યું હતું કે કોવિશીલ્ડ અને કોવેકસીનના મિશ્રીત ડોઝ આપવાની કોઈ પ્રતિકૂળ અસર સામે નથી આવી. યુપીની ઘટનામાં પણ એવો કોઈ કેસ બાદમાં ન્હોતો મળ્યો તેથી સંભાવના છે કે વૈજ્ઞાનિક અભ્યાસમાં કોરોના વાયરસ અને એડિનો વાયરસથી બનેલી બે અલગ-અલગ વેકસીન એક શરીરમાં જઈને સમાન અસર બતાડશે. વેલ્લોર સ્થિત મેડીકલ કોલેજે મિશ્રીત ડોઝ પર અભ્યાસની પરવાનગી માંગી છે.

## મમતા બેનર્જીની મોટી જાહેરાત: બે દર મહિને દિલ્હી આવશે



*ન્યુ દિલ્હી,તા.૩૦*

પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ મિશન ૨૦૨૪ માટેની રેસ વધુ તીવ્ર બનાવી દીધી છે. છેલ્લા પાંચ દિવસથી દિલ્હીમાં રોકાણ દરમિયાન, તેમણે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી તેમજ દેશના ઘણા વિપક્ષી નેતાઓ સાથે મુલાકાત કરી છે. હવે તેણે જાહેરાત કરી છે કે તે દર બે મહિને દિલ્હી આવશે. માનવામાં આવે છે કે મમતાની આ જાહેરાત પાછળ તેમનું મિશન ૨૦૨૪ છે.

મમતાએ આજે કહ્યું, મેં આજે શરદ પવાર સાથે વાત કરી હતી. મારી યાત્રા સફળ રહી. અમે રાજકીય હેતુ માટે મળ્યા હતા. લોકશાહી ટકી રહેવી જ જોઈએ. મારું સૂત્ર 'લોકશાહી બચાવો દેશ બચાવો' છે. અમે ખેડૂતોના હિતને ટેકો આપીએ છીએ. હું દર બીજા મહિને દિલ્હી આવીશ. તમને જણાવી દઈએ કે વિપક્ષી દળોના નેતાઓ સાથે મમતા બેનર્જીની બેઠકને ત્રીજા મોરચા તરીકે પણ જોવામાં આવી રહી છે. મમતા બેનર્જીની દિલ્હી મુલાકાત વિશે આશ્ચર્યજનક બાબત એ છે કે તે ન તો લોકસભાના સભ્ય છે અને ન રાજ્યસભાના.

## મોંઘવારીનુ કારણ મોદી સરકારની અંધાધૂધ ટેક્સ વસુલાત: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૩૦

દેશમાં વધી રહેલી મોંઘવારી પર રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને આડે હાથ લીધી છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, દરેક વસ્તુ મોંઘી થઈ રહી છે અને લોકો પરેશાન છે પણ તેનો ફાયદો નાના ઉત્પાદકો, દુકાનદાર અને ખેડૂતોને નથી થઈ રહ્યો. મોંઘવારી પાછળનુ કારણ મોદી સરકાર દ્વારા અંધાધૂધ રીતે થઈ રહેલી ટેક્સ વસુલી છે.આ પહેલા ગુરુવારે પણ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, સરકાર સંસદનો સમય વેડફી રહી છે. સંસદમાં કાર્યવાહી દરમિયાન વિપક્ષને બોલવાનો મોકો અપાઈ રહ્યો નથી. સંસદ લોકતંત્રનો પાયો છે અને વિપક્ષ લોકોનો અવાજ સંસદમાં પહોંચાડે છે પણ મોદી સરકાર વિપક્ષને તેનુ કામ કરવા દેતી નથી.

## CBSE ધો.૧૨ બોર્ડનું પરિણામ જાહેર, ૯૯.૩૭ ટકા વિદ્યાર્થીઓ પાસ

*ન્યુ દિલ્હી,તા.૩૦*

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનનું ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાઓનું પરિણામ જાહેર થઈ ગયું છે. ધોરણ-૧૨ના ૯૯.૩૭% વિદ્યાર્થીઓ પાસ થયા છે. ઝમ્જીઈ ધોરણ-૧૨ બૉર્ડમાં ૯૯.૧૩% વિદ્યાર્થી અને ૯૯.૬૭% વિદ્યાર્થિનીઓ પાસ થયા છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે આ રિઝલ્ટ જાહેર કરવા માટે ૩૧ જુલાઈ સુધીની ડેડલાઈન આપી હતી. વિદ્યાર્થીઓ પોતાનું રિઝલ્ટ cbseresults.nic.in પર ચેક કરી શકે છે. આ વર્ષે ૧૨ ધોરણ બોર્ડનું પરિણામ ૩૦:૩૦:૪૦ના ફોર્મ્યુલાથી તૈયાર કરવામાં આવ્યું છે. આ અત્યાર સુધીની હાઈએસ્ટ ટકાવારી છે. તો ૬૧૪૯ (૦.૪૭) વિદ્યાર્થીઓને કંપાર્ટમેન્ટ કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. પરીક્ષામાં એકવાર ફરી વિદ્યાર્થિનીઓએ બાજી મારતા છોકરાઓને પાછળ છોડ્યા છે. આ વખતે છોકરીઓ છોકરાઓથી ૦.૫૪ ટકાથી આગળ રહી. છોકરીઓની ટકાવીર ૯૯.૬૭ જયારે છોકરાઓની ટકાવીર ૯૯.૧૩ રહી. ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. ગત વર્ષે ૧૩ જુલાઈના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ આ વર્ષે કોરોનાના કારણે રિઝલ્ટ ૧૭ દિવસ મોડા જાહેર કરવામાં આવ્યા.

CBSEએ બનાવેલી પેનલે ૧૨માના વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે ૩૦:૩૦:૪૦નો ફોર્મ્યુલા નક્કી કર્યો છે. આ હેઠળ ૧૦માં-૧૧માંના ફાઈનલ રિઝલ્ટને ૩૦ ટકા વેઈટેજ આપવામાં આવશે અને ૧૨માંની પ્રી-બૉર્ડ એક્ઝામને ૪૦% વેઈટેજ આપવામાં આવશે. CBSEએ ૪ જૂનના ૧૨માંના વિદ્યાર્થીઓની માર્કિંગ સ્કીમ નક્કી કરવા માટે ૧૩ સભ્યોની એક કમિટી બનાવી હતી.

માર્કિંગ સ્કીમ પ્રમાણે ૧૦માં અને ૧૧માંના ૫માંથી જે ૩ વિષયમાં વિદ્યાર્થીઓએ સૌથી વધારે સ્કોર કર્યો હોય તેને રિઝલ્ટ માટે પસંદ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે CBSE ૧૨માંની પરીક્ષા માટે ૧૪.૫ લાખ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જો કે કોરોના મહામારીના કારણે આ વર્ષે સીબીએસઈની ૧૦માં અને ૧૨માંની પરીક્ષાઓ રદ કરી દેવામાં આવી હતી.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૧

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૮૫૦

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૯

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૫૧૪

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

### ભાજપ-કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણઃ વિપક્ષો એક જૂટ રહેતા ભાજપની ચિંતામા વધારો......!

*પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની દિલ્હી મુલાકાતે ભાજપની ચિંતામાં વધારો કરી દીધો છે. ભાજપ એક પછી એક આવતી મુશ્કેલીઓનો નિકાલ કરતો જઈ રહ્યો છે. જેમાં કર્ણાટકનુ કોકડું ઉકેલી નાખ્યુ ત્યાં હરિયાણામાં બળવો થાય તેવી સ્થિતિ પેદા થઈ છે. તો આસામ મિઝોરમમા પરિસ્થિતિ વણસતી જતી રહી છે બંને રાજ્યોના મુખ્ય મંત્રીની જીદ સાથે આમ પ્રજા પણ જોડાઈ ગઈ છે અને તેમાં ભાજપાએ સુખદ રસ્તો કાઢવાનો છે. જોકે ભાજપ નેતાગણ આ રાજ્યોની સરહદના મુદ્દે બરાબર ફસાઈ ગયો છે..... બીજી તરફ કોંગ્રેસમાં એક સાંધે ત્યાં તેર તૂટે તેવી સ્થિતિ બની છે. પંજાબ કોકડાનો ઉકેલ લાવી ત્યાં રાજસ્થાનમાં ભડકો થયો છે, પરંતુ પંજાબની જેમ અહીં પણ ઉકેલ આવી જવાની શક્યતા છે કારણ પ્રિયંકા અને રાહુલની દરમ્યાનગીરી. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ, વિધાનસભા વિપક્ષ કોંગ્રેસના નેતા સહિતના અનેકોએ રાજીનામા ધરી દીધાને લાંબો સમય થયો છતાં કોંગ્રેસના મોવડીઓ નવી નિમણુંકો કરવા કોઈ નિર્ણય લઈ શક્યા નથી... અને તેની અસર ગુજરાતભરમાં પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને જીલ્લા સ્તર સુધી થવા પામી છે.... જોકે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ માટે મોવડી મંડળે નામ નક્કી કરી લીધું છે, તો વિધાનસભા પક્ષના નેતા માટે બે નામો પર ચર્ચા અટકી છે.... પરંતુ આગામી સપ્તાહ નામો જાહેર કરી દે તેવી સંભાવના છે.....!બીજી તરફ કેન્દ્ર સરકાર પેગાસસ જાસૂસી કાંડ બાબતે બરાબરની ફસાઈ છે.....! કેન્દ્ર સરકાર સામે વિપક્ષોએ એક જૂઠ થઈને સતત વિરોધ કરવાનુ ચાલુ રાખ્યુ છે અને લોકસભા તેમજ રાજ્યસભા ગૃહોને સમયાનુસાર કામગીરી મુલત્વી રાખવા ફરજ પડી છે. જો કે સરકાર પોગાસસ બાબત ઈન્કાર કરી રહી છે. અને વિરોધ પક્ષની સોહા....દેકારાઓ વચ્ચે કેટલાક બીલો ચર્ચા કર્યા વગર પસાર કરી દઈને પોગાસસ વિરોધના ઊહાપોહ વચ્ચે ફાયદો ઉઠાવી લીધો છે......!*

*દિલ્હી ખાતે ૧૪ જેટલા વિરોધ પક્ષો પેગાસસ અને કૃષિ બિલના મુદ્દે એક જૂટ થઈ ગયા છે અને જોરશોરથી ભારે વિરોધ કરી રહ્યા છે. તેમાં પણ સમાજવાદી પાર્ટી તથા અન્ય પક્ષોનો સાયકલ તેમજ બળદ ગાડા દ્વારા પ્રવાસ કરી વિરોધ કર્યો તો કોંગ્રેસના રાહુલ ગાંધીએ ખુદ ટ્રેક્ટર ચલાવી લોકસભા પહોચતા કેન્દ્ર સરકાર ભડકી છે. તે સાથે રાહુલ ગાંધી ટ્રેક્ટર ચલાવી લોકસભા પહોંચવાના સમાચારો- ફોટા સાથે મોટાભાગના દૈનિકમાં પ્રસિદ્ધ થતા તથા અનેક ચેનલોએ લાઇવ પ્રસારણ કરતા કેન્દ્રની ભાજપ સરકાર વધુ ભડકી ગઈ.... કારણ રાહુલને મોટા પ્રમાણમા પ્રસિદ્ધિ મળી ગઈ અને આ કારણે કેટલાક પોલીસ અધિકારી પોલીસ સામે તવાઇ આવવાની શક્યતા છે......! જેમાં મંજૂરી આપી હતી કે નહીં, તથા લોકસભા સંકુલ પ્રવેશદ્વાર સુધી રાહુલ ગાંધી ટ્રેક્ટર સહિત કઈ રીતે પહોંચ્યા.... તેમને અટકાવ્યા કેમ નહીં.....? તેવા મોદ્દે સુરક્ષામાં ગોઠવાયેલા પોલીસ અધિકારીઓની જોરદાર રીતે ખબર લેવાઈ ગઈ છે. આ તમામ ઘટમાળના પડઘા દેશભરમાં પડ્યા છે જેને કારણે ભાજપ નેતાઓની અકળામણ વધવા પામી છે......!*

બીએસએફએ ફાયરિંગ કરી પરત ખદેડ્યા

# જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાનની અવળચંડાઈ: એક જ કલાકમાં ૩ જગ્યાએ દેખાયા ડ્રોન

*જમ્મૂ,તા.૩૦*

જમ્મુ કાશ્મીરમાં ફરી એક વખત શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યા છે. જાણવા મળ્યા મુજબ જમ્મુ ક્ષેત્રમાં ગુરૂવારે ૩ અલગ અલગ વિસ્તારોમાં શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યા હતા. આ ડ્રોન રાતે ૮:૩૦થી ૯:૩૦ કલાક વચ્ચે જોવા મળ્યા હતા. તે પૈકીના ૨ ડ્રોન આર્મી કેમ્પ અને આઈટીબીપી કેમ્પ પાસે જોવા મળ્યા હતા. સુરક્ષા દળોએ તેમના પર ગોળીબાર કર્યો હતો પરંતુ ત્રણેય ડ્રોન બચીને નીકળી ગયા હતા. જાણવા મળ્યા મુજબ એક ડ્રોન સાંબામાં આંતરરાષ્ટ્રીય સરહદ પાસે જોવા મળ્યું હતું. બીજું સાંબા જિલ્લામાં જ ઘગવાલ પાસે ઉપસ્થિત આઈટીબીપીના



કેમ્પ પાસે અને ત્રીજું સાંબા જિલ્લાના બારી ક્ષેત્રના આર્મી કેમ્પ પાસે જોવા મળ્યું હતું. બીએસએફ દ્વારા શંકાસ્પદ ડ્રોન પર આંતરરાષ્ટ્રીય સરહદ ખાતે કેટલીક ગોળીઓ ચલાવવામાં આવી હતી પરંતુ તે બચીને નીકળી ગયા હતા અને પછી ગાયબ થઈ ગયા હતા.

અગાઉ ૨૩ જુલાઈના રોજ જમ્મુ કાશ્મીર પોલીસે જમ્મુ જિલ્લાની સરહદને અડીને આવેલા વિસ્તારમાંથી ૫ કિગ્રા વજનની વિસ્ફોટક સામગ્રી (આઈઈડી) લઈને જઈ રહેલા ડ્રોનને નીચે પાડી દીધું હતું. ડ્રોનમાં લગભગ તૈયાર અવસ્થામાં ૫ કિગ્રા આઈઈડી સામગ્રી હતી જેમાં વિસ્ફોટ પહેલા ફક્ત તારને જોડવાના જ બાકી હતા.

તે ૬ પૈડાવાળું હેક્ઝા-એમ-કોપ્ટર ડ્રોન હતું. તેમાં જીપીએસ અને ઉડાનને નિયંત્રિત કરનારૂં ઉપકરણ પણ લાગેલું હતું. પોલીસના કહેવા પ્રમાણે તેમણે સંભવિત આઈઈડી વિસ્ફોટ અટકાવ્યો હતો. ડ્રોનમાંથી જે આઈઈડી નીચે પાડવાના હતા તેના તાર જમ્મુ વાયુસેના સ્ટેશનના વિમાની મથક ખાતેથી મળી આવેલી વિસ્ફોટક સામગ્રી સાથે મેળ ખાઈ રહ્યા હતા. તેનાથી પૃષ્ટિ થાય છે કે, જમ્મુ એરબેઝ પર આઈઈડી ફેંકવા ડ્રોનનો ઉપયોગ થયો હતો. એર બેઝ પર ગત મહિનાના અંતે ૨ બ્લાસ્ટ થયા હતા.

# વડાપ્રધાન મોદીએ ૧૫ ઓગસ્ટના ભાષણ અંગે નાગરિકો પાસેથી વિચારો મંગાવ્યા

ન્યુ દિલ્હી,તા.૩૦

વડાપ્રધાન મોદીએ શુક્રવારે નાગરિકોને ૧૫ ઓગસ્ટના દિવસે પોતાના સ્વતંત્રતા દિવસના ભાષણ માટે સામાન્ય નાગરિકો પાસેથી આવેલા વિચાર લાલ કિલ્લા પરથી સમગ્ર દેશમાં ગૂંજશે તેવી ટ્વિટ કરી છે. એક ટ્વિટમાં પ્રધાનમંત્રીએ દેશના નાગરિકોને કહ્યું કે નાગરિકો સ્અર્ધ્દૃ પર પોતાના આઈડિયા આપી શકે છે. સૂત્રોની જાણકારી મુજબ પ્રધાનમંત્રી સ્વતંત્રતા દિવસ પર પોતાના ભાષણ દ્વારા સરકારના કાર્યક્રમો અને નીતિઓ નાગરિકોની સામે રાખશે.

પ્રધાનમંત્રી લગભગ છેલ્લા ઘણા વર્ષોથી નાગરિકો પાસેથી પોતાના મંતવ્યો માંગતા રહે છે. આ વર્ષે પણ પ્રધાનમંત્રી નાગરિકો પાસે નવા આઈડિયા માટે પોતાના વિચાર રજૂ કરવા માટે અપીલ કરી રહ્યા છે. એટલે કે જો તમારી પાસે કોઈ સારા મંતવ્યો, સારા વિચાર અને તમારા વિઝનને વડાપ્રધાન સુધી પહોંચાડવા માટેનો આ સરસ અવસર છે. જેના દ્વારા ૧૫ ઓગસ્ટ તેઓ પોતાના ભાષણમાં તમારા વિચારોને પણ પ્રસ્તુત કરશે.

આ સાથે જ તેમણે છેલ્લા મન કી બાતના કાર્યક્રમમાં નાગરિકોને અપીલ કરતાં કહ્યું હતું કે વધુમાં વધુ લોકો ભેગા મળીને રાષ્ટ્રગીતનું ગાન કરે. આ માટે તેમણે એક વેબસાઈટ પણ બનાવી છે જેની નામ ક્ષ્જિરંક્ષ્નિક્ષ્ઠક્ઠહૈ.હ. છે. તમે આ વેબસાઈટ પર પોતાનું ગીત રેકોર્ડ કરીને અપલોડ પણ કરી શકો છો. તેમણે કહ્યું હતું કે મને આશા છે કે વધુમાં વધુ લોકો આ પ્રક્રિયામાં જોડાશે.

# બિહારમાં કટિહારના મેયર શિવરાજ પાસવાનની ગોળી મારી હત્યા

પટના,તા.૩૦

બિહારના કટિહાર ખાતે મેયર શિવરાજ પાસવાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. અજ્ઞાત આરોપીઓએ તેમના પર ૩ વખત ગોળી ચલાવી હતી જેથી તેઓ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા. બાદમાં તેમને સારવાર માટે કેએમસીએચ લઈ જવામાં આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં તેમણે દમ તોડી દીધો હતો.

ગુરૂવારે આ ઘટના શિવરાજ પાસવાનની સંતોષ કોલોની ખાતે જ થઈ હતી. બાઈક પર સવાર ૪ હુમલાખોરોએ શિવરાજ પાસવાન પર તાબડતોબ ગોળીઓ વરસાવી હતી. તેમાંથી ૩ ગોળીઓ તેમને છાતીમાં વાગી હતી અને તેઓ ગંભીર સ્વરૂપે ઘાયલ થયા હતા. બાદમાં તેમણે હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો. એસડીપીઓ અમરકાંત ઝાએ આ ઘટનાની પુષ્ટિ કરી દીધી છે.

કટિહારના મેયર પર હુમલો શા માટે કરવામાં આવ્યો, કયા ઉદ્દેશ્યથી તેમની હત્યા કરવામાં આવી તે હજુ અસ્પષ્ટ છે. હાલ ગુનાનું કારણ સ્પષ્ટ નથી થઈ શક્યું અને ગુનેગારો પણ ફરાર છે. પોલીસના કહેવા પ્રમાણે શિવરાજ પાસવાન મંદિર જઈ રહ્યા હતા તે સમયે આ હુમલો થયો હતો.

મેયરને ગોળી વાગી હોવાની જાણ થતાં જ લોકોના ટોળાં હોસ્પિટલ પહોંચી ગયા હતા. મેયરના પરિવારજનો અને અન્ય લોકોએ ગુનેગારોની ધરપકડ કરવાની માગણી કરી હતી. પોલીસ લોકોને સમજાવીને મૃતદેહ લઈ ગઈ હતી જેથી પોસ્ટમોર્ટમ કરી શકાય પરંતુ ઉશ્કેરાયેલા લોકો અને પરિવારજનોએ ગુનેગારોની ધરપકડ બાદ જ પોસ્ટમોર્ટમ કરવામાં આવે તેવી જિદ્દ કરી હતી. મેયરના મૃતદેહને તેમની ગાડીમાં જ થાણા પરિસરમાં રાખવામાં આવ્યું હતું અને પોલીસે લોકોને સમજાવવા પ્રયત્ન કર્યો હતો.

### પેગાસસ જાસુસી મામલે ઓગસ્ટનાં પ્રથમ સપ્તાહમાં સુપ્રીમ કોર્ટ હવે સુનાવણી કરશે

ન્યુ દિલ્હી,તા.૩૦

પેગાસસ જાસૂસી કેસને લઈને સુપ્રીમ કોર્ટમાં આગામી સપ્તાહ સુનાવણી કરશે. શુક્રવારે ચીફ જસ્ટિસ એનવી. રમણાની બેન્ચ સામે આ મુદ્દાને ઉઠાવવામાં આવ્યો. જેના પર ચીફ જસ્ટિસે કહ્યું છે કે, તેઓ આગામી સપ્તાહે કેસને સાંભળશે.

વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે શુક્રવારે જસ્ટિસ રમણા સામે આ મુદ્દાને ઉઠાવ્યો, તેમને વરિષ્ઠ પત્રકાર એન રામ દ્વારા દાખલ અરજીનો ઉલ્લેખ કર્યો. જેના પર ચીફ જસ્ટિસે કહ્યું કે, તેઓ આગામી સપ્તાહે આ બાબતે સુનાવણી કરશે.

તમને જણાવી દઈએ કે, આંતરાષ્ટ્રીય મીડિયા દ્વારા આ બાબતે ખુલાસો કરવામાં આવ્યો હતો. ઈઝરાઈલ સોફ્ટવેર પેગાગસની મદદથી ભારત સહિત દુનિયાના અનેક દેશોના પત્રકારો, નેતાઓ અને અન્ય હસ્તિઓને નિશાનો બનાવવામાં આવી રહ્યાં છે. આ દરમિયાન ફોન હૈકિંગની વાત સામે આવી હતી.

ભારતમાં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી, પ્રશાંત કિશોર સહિત અન્ય અનેક નેતાઓ, જે કેન્દ્રીય મંત્રીઓ પત્રકારોને આ સોફ્ટવેરના દમ પર ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. આ કારણે જ ભારતમાં સતત આ મુદ્દાને લઈને હંગામો થઈ રહ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં દાખલ અરજીમાં અપીલ કરવામાં આવી છે કે પેગાસસ કેસની નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે. આ તપાસની આગેવાની સુપ્રીમ કોર્ટના કોઈ હાલના કે રિટાયર્ડ જજ કરે. આરોપ છે કે, સરકારી એજન્સીઓએ પેગાસસ સ્પાઈવેરની મદદથી પત્રકારો, જજો અને અન્ય લોકોની જાસૂસી કરી.

# હિમાચલમાં ભારે વરસાદ બાદ અનેક જગ્યાએ ભૂસ્ખલનઃ રસ્તાઓ બ્લોક, પ્રવાસીઓ ફસાયા

શિમલા,તા.૩૦

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ પડી રહ્યો છે અને તેના કારણે ભારે તબાહી મચી છે. ભયંકર વરસાદના કારણે ઠેર-ઠેર ભૂસ્ખલનની ઘટનાઓ બની રહી છે. અનેક રસ્તાઓ ભૂસ્ખલનના કારણે બંધ થઈ ગયા છે. આવામાં એક વિડીયો સામે આવ્યો છે. સિરમોર જિલ્લાના કામરાઉમાં ભૂસ્ખલનના કારણે નેશનલ હાઈવે નંબર ૭૦૭ બ્લોક થઈ ગયો છે. ભૂસ્ખલનની આ ઘટના વિડીયોમાં જોઈ શકાય છે. તો મંડી જિલ્લામાં પાર્કિંગમાં ઉભેલી કારો પર આખી છત પડવાથી ગાડીઓને ભારે નુકસાન થયું છે.

જાણકારી પ્રમાણે સિરમૌર જિલ્લામાં ૭૦૭ પાવટા સાહિબથી રોહડૂ જનારા રાષ્ટ્રીય ઉચ્ચ માર્ગ બડવાસની પાસે લગભગ ૫૦થી ૧૦૦ મીટર ભેખડ ધસી પડવાથી રોડ બ્લોક થઈ ગયો છે. આ ઉપરાંત હિમાચલમાં વાદળ ફાટવાથી ૧૪૪ પ્રવાસીઓ અટવાયા હતા. પ્રવાસીઓ હિમાચલના લાહૌલ-સ્પીતિમાં ફસાય છે. તો જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં પણ વાદળ ફાટ્યું છે. બીજી તરફ હરિયાણાના હથિની કુંડ બેરેજથી સતત પાણી છોડ્યા બાદ દિલ્હીમાં યમુના નદી એકવાર ફરી જોખમી સ્તરે છે.

યમુનાનું જળસ્તર સતત વધી રહ્યું છે. આઈટીઓ પર યમુનાનું પાણી ભયંકર રીતે પસાર થઈ રહ્યું છે. આગામી કેટલાક કલાક જો આ રીતે જળસ્તર વધતુ રહ્યું તો ડીએનડીની આસપાસ નોઈડાના નીચેના વિસ્તારો અને ઓખલાના કેટલાક વિસ્તારો જળમગ્ન થઈ શકે છે. સવારે ૧૧ વાગ્યે યમુના નદીમાં જળસ્તર ૨૦૫.૩૪ મીટર રેકોર્ડ થયું હતું, જ્યારે ખતરાનું નિશાન ૨૦૫.૩૩ મીટર છે. હવામાન વિભાગે યમુનાથી અડીને આવેલા વિસ્તારોમાં ઑરેન્જ્ એલર્ટ જાહેર કરી દીધું છે. જો સ્થિતિ વધારે ગંભીર બનશે તો યમુનાની આસપાસના વિસ્તારોને ખાલી કરાવવામાં આવશે. હથિની કુંજ બેરાજથી બુધવારના યમુના નદીમાં ૧.૬ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. ગુરૂવારના પણ ૧.૧૪ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ હતું.

પંજાબ-હરિયાણા હાઈકોર્ટનું નિવેદન

# સહમતિથી સંબંધ બનાવ્યા હોય તો પુરૂષ દુષ્કર્મનો સંપૂર્ણ દોષી નહીં

ચંડીગઢ,તા.૩૦

લગ્નનું વચન આપ્યા બાદ જો વિવાહિત મહિલાની સહમતિથી સંબંધ બન્યા હોય તો તેવામાં પુરૂષને સંપૂર્ણપણે દોષી ન કહી શકાય. પંજાબ-હરિયાણા હાઈકોર્ટે દુષ્કર્મના આરોપીને જામીન આપતી વખતે આ મહત્વની ટિપ્પણી કરી હતી. જોકે ટ્રાયલ કોર્ટને આ ટિપ્પણીઓ પર ધ્યાન આપ્યા વગર ટ્રાયલ પૂરી કરવાની સલાહ આપવામાં આવી છે.

આરોપીએ અરજીમાં જણાવ્યું હતું કે, મહિલાએ ૧૭ માર્ચના રોજ કુરૂક્ષેત્ર ખાતે તેના વિરૂદ્ધ દુષ્કર્મ અને એસસી/એસટી એક્ટનો કેસ દાખલ કરાવ્યો હતો. હાઈકોર્ટે અરજીકર્તા અને સરકારની દલીલો સાંભળ્યા બાદ જણાવ્યું કે, એફઆઈઆર જોઈને સ્પષ્ટ થાય છે કે, મહિલા સાથે બળજબરીથી સંબંધ નહોતા બાંધવામાં આવ્યા.

આરોપ પ્રમાણે મહિલાને તેના પતિ સાથે સારા સંબંધો નહોતા. આ બધા વચ્ચે અરજદારે તેના સાથે લગ્ન કરવાનું વચન આપીને તેના સાથે સંબંધ બાંધ્યા હતા. હાઈકોર્ટે જણાવ્યું કે, આ કેસમાં લગ્નનું વચન અપાયું અને કોઈ કારણસર લગ્ન ન થઈ શક્યા. આ કારણે આ કેસ સહમતિથી સંબંધ બંધાયાનો છે. સાથે જ મહિલા હાલ વિવાહિત છે અને તેના પતિ સાથે છૂટાછેડા નથી થયા તો આમ પણ તે હાલ આરોપી સાથે લગ્ન ન કરી શકે.

# ફિલિપાઇન્સે અમેરિકન સૈનિકોની સાથે વ્યાપક સૈન્ય અભ્યાસની સમજૂતીને ફરીથી સ્થાપિત કરી

વોશિંગ્ટન,તા.૩૦

દક્ષિણ ચીન સાગરમાં દાદાગીરી દેખાડી રહેલા ચીની ડ્રેગનને ફિલિપાઈન્સે મોટો ઝાટકો આપ્યો છે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ રોડ્રિગો દુતેર્તે અમેરિકન સૈનિકોની સાથે વ્યાપક સૈન્ય અભ્યાસની સમજૂતીને ફરીથી સ્થાપિત કરી દીધી છે. બંને દેશોના રક્ષામંત્રીઓએ શુક્રવારના રોજ આ નિર્ણયની જાહેરાત કરી. આની પહેલાં રાષ્ટ્રપતિ દુતેર્તેએ આ કરારને રદ કરી દીધો હતો આથી બંને દેશોમાં ચિંતા વધી ગઈ હતી. એટલું જ નહીં ચીને કોરોના રસી સહિત કેટલાંય પ્રકારની લાલચ ફિલિપાઈન્સને આપી હતી જેથી કરીને તેઓ અમેરિકન સેનાની સાથે સમજૂતીને રદ કરી દે.

આ સમજૂતીની અંતર્ગત અમેરિકન અને ફિલિપાઈન્સના સુરક્ષા બળોની વચ્ચે મોટાપાયા પર સૈન્ય અભ્યાસ કરાય છે. રક્ષામંત્રી ડેલ્ફિન લોરેનજાનાએ પોતાના અમેરિકન સમકક્ષ લોયડ ઑસ્ટિનની સાથે મનલીમાં રાષ્ટ્રપતિ દુતેર્તેના આ નિર્ણયની જાહેરાત કરી. ફિલિપાઈન્સના એક અન્ય અધિકારીએ કહ્યું કે વિદેશ મંત્રી ટિયોડોરો લોસિન જુનિયર 'વિઝિટિંગ ફોર્સ એગ્રીમેન્ટ' સાથે જોડાયેલા તુતેર્તેના નિર્ણયના દસ્તાવેજ શુક્રવારના રોજ એક બીજી બેઠકમાં ઓસ્ટિનને આપશે.

લોરેનજાનાએ કહ્યું કે રાષ્ટ્રપતિએ વીએફએને સમાપ્ત કરવા અગાઉના નિર્ણયને રદ્દ કરવાનો નિર્ણય કર્યો છે. ઑસ્ટિને દુતેર્તેના નિર્ણયનું સ્વાગત કરતાં કહ્યું કે તેનાથી જૂના સહયોગીઓની વચ્ચે રક્ષા સંબંધોને મજબૂત કરવામાં મદદ મળશે. દુતેર્તે ફેબ્રુઆરી ૨૦૨૦માં અમેરિકન સરકારને સૂચિત કર્યું હતું કે તેઓ ૧૯૯૮ની સમજૂતીને રદ કરવા માંગે છે, જે ફિલિપાઈન્સ સૈનિકોની સાથે સંયુકત યુદ્ધ અભ્યાસ માટે મોટી સંખ્યામાં અમેરિકન બળોને દેશમાં પ્રવેશની મંજૂરી આપે છે અને તેના સ્થાયી પ્રવાસ માટે કાયદાકીય શરતોને નક્કી કરે છે.

# અમેરિકન વિદેશમંત્રીએ દલાઈ લામા સાથે મુલાકાત કરતા લુચ્ચુ ચીન ભડક્યું



વોશિંગ્ટન/બેઈજિંગ,તા.૩૦

ભારતની મુલાકાત દરમિયાન અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને તિબેટીયન બૌદ્ધ ધર્મગુરૂ દલાઈ લામાના પ્રતિનિધિની મુલાકાત લીધી હતી જેને લઈ ચીન ભડકી ઉઠ્યું છે. બેઈજિંગના કહેવા પ્રમાણે આ તિબેટને ચીનનો હિસ્સો માનવાના અને તિબેટની આઝાદીનું સમર્થન નહીં કરવાની અમેરિકાની પ્રતિબદ્ધતાનું ઉલ્લંઘન છે.

બ્લિંકને બુધવારે નવી દિલ્હી ખાતે નિર્વાસિત તિબેટીયન સરકારના અધિકારી અને દલાઈ લામાના પ્રતિનિધિ ન્ગોડુપ ડોંગચુંગની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ડોંગચુંગે અમેરિકા દ્વારા તિબેટ આંદોલનને સમર્થન ચાલુ રાખવા જો બાઈડન પ્રશાસનનો આભાર માન્યો હતો.

તે સિવાય બ્લિંકને દિલ્હી ખાતે તિબેટ હાઉસના ડિરેક્ટર ગેશે દોર્જી દામદુલની મુલાકાત પણ લીધી હતી. ૨૦૧૬માં અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામાની દલાઈ લામા સાથેની મુલાકાત બાદ આ પહેલો મોકો હતો જ્યારે કોઈ અમેરિકી સરકારના મંત્રીએ તિબેટની દેશનિકાલ કરાયેલી સરકાર સાથે જોડાયેલા વ્યક્તિની મુલાકાત લીધી.

આ મુલાકાતને લઈ ચીને આકરૂ વલણ અપનાવ્યું છે. ચીનના કહેવા પ્રમાણે અમેરિકાની આ હરકત તેમની આંતરિક બાબતોમાં દખલ કરવા સમાન છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને જણાવ્યું કે, તિબેટ મુદ્દો સંપૂર્ણપણે ચીનનો આંતરિક મુદ્દો છે. તેમાં કોઈ પણ વિદેશી દખલનો સ્વીકાર ન કરી શકાય.

વધુમાં જણાવ્યું કે, ૧૪મા દલાઈ લામા ધાર્મિક વ્યક્તિ નથી પણ એક રાજકીય દેશનિકાલ કરાયેલી વ્યક્તિ છે જેણે બીજા દેશમાં શરણ મેળવેલું છે. તે લાંબા સમયથી ચીન વિરોધી ગતિવિધિઓ અને તિબેટને ચીનથી અલગ કરવાના પ્રયત્નમાં લાગ્યા છે.

યુએસ હેલ્થ રેગ્યુલેટર તરફથી મંજૂરી મળી

# મોટી સફળતાઃ સ્તન કેન્સર માટેના ઝાયડસ કેડિલાના ઈન્જેક્શનને મંજૂરી મળી

*યુ દિલ્હી,તા.૩૦*

ડ્રગ ઉત્પાદક ઝાયડસ કેડિલાએ શુક્રવારે જણાવ્યું હતું કે, યુએસ હેલ્થ રેગ્યુલેટર તરફથી તેના ફુલવેસ્ટ્રેન્ટ ઈન્જેક્શનને અંતિમ મંજૂરી મળી ગઈ છે. આ ઈન્જેક્શનનો ઉપયોગ સ્તન કેન્સરની સારવારમાં થાય છે.

ફુલવેસ્ટ્રેન્ટ ઈન્જેક્શનનો ઉપયોગ એકલા અથવા અન્ય દવાઓના સંયોજનમાં ચોક્કસ પ્રકારના હોર્મોન રીસેપ્ટરના પોઝિટિવ, એડવાંસ સ્તન કેન્સર અથવા બ્રેસ્ટ કેન્સરની સારવાર માટે થાય છે, જે શરીરના અન્ય ભાગોમાં ફેલાય જાય છે. કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું કે, ઝાયડસ કેડિલાને યુ.એસ. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસએફડીએ) તરફથી ફુલવેસ્ટેન્ટ ઈન્જેક્શન, ૨૫૦ મિલિગ્રામ/ ૫ એમએલ(૫૦ મિલિગ્રામ/એમએલ) પ્રતિ સિંગલ ડોઝ પ્રી-ફિલ્ડ સિરિંઝને બજારમાં ઉતારવા માટે જરૂરી મંજૂરી મળી ગઈ છે. ઝાયડસ કેડિલાએ જણાવ્યું હતું કે આ ડ્રગનું નિર્માણ અમદાવાદના ઝાયડસ બાયોલોજીકલ ખાતેના જૂથની મેન્યૂફેક્ચરિંગ ફેસિલિટીમાં કરવામાં આવશે. તો બીજી તરફ જૂથને અત્યાર સુધીમાં ૩૨૦ મંજૂરીઓ મળી છે અને નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪માં ફાઈલિંગ પ્રક્રિયા શરૂ થઈ ત્યારથી ૪૦૦ થી વધુ નવી દવા અરજીઓ (ANDAs) દાખલ કરી છે.

# ઈઝરાયેલે કોરોના વેક્સિનનો બૂસ્ટર ડોઝ આપવાનું શરૂ કર્યું

*જેરૂસલેમ,તા.૩૦*

કોરોના વાયરસના વધતા જતા કેસોને રોકવા ઈઝરાયેલે કોરોના વાયરસ વેક્સિનનો ત્રીજો ડોઝ એટલે કે, બૂસ્ટર ડોઝ આપવાનું શરૂ કર્યું છે. રસીનો ત્રીજો ડોઝ માત્ર ૬૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકોને આપવામાં આવશે. ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઈસહાક હર્ઝોગે ત્રીજો ડોઝ લઈને આ અભિયાનની શરૂઆત કરી છે. ૬૦ વર્ષિય હર્ઝોગે તેલ અવીવ નજીકના રમત ગનના શેબા મેડિકલ સેન્ટરમાં ફાઈઝર બાયોએનટેકની કોવિડ રસીનો બૂસ્ટર ડોઝ લીધો હતો.

આ પ્રસંગે ઈઝરાયલી રાષ્ટ્રપતિએ કહ્યું કે, તેમને બૂસ્ટર વેક્સિનેશન પહેલ શરૂ કરવા બદલ ગર્વ છે. તેમણે એમ પણ કહ્યું કે, આ પડકારજનક રોગચાળા દરમિયાન જીવનની સામાન્ય સ્થિતિને શક્ય તેટલી સક્ષમ બનાવવા માટે ત્રીજો ડોઝ ખૂબ મહત્વનો છે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ સાથે તેમની પત્ની મીકલને પણ રસીનો ત્રીજો ડોઝ આપવામાં આવ્યો હતો.

ઈઝરાયેલના રાષ્ટ્રપતિ સાથે વડાપ્રધાન નફતાલી બેનેટ પણ આ કાર્યક્રમમાં હાજર હતા. તેમણે ૬૦ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને કોરોના વાયરસ રસીનો ત્રીજો ડોઝ લેવાની વિનંતી કરી. ઈઝરાયેલના પીએમે એમ પણ કહ્યું હતું કે ઈઝરાયલ જાહેર રસીકરણ કાર્યક્રમમાંથી મળેલી તમામ માહિતી શેર કરશે. બેનેટે જણાવ્યું હતું કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે રસીનો ત્રીજો ડોઝ શરૂ કરનાર ઈઝરાઈલ પ્રથમ દેશ છે. કોવિડ રોગચાળા સામેની લડાઈ વૈશ્વિક લડાઈ છે. કોવિડને હરાવવાનો એકમાત્ર રસ્તો એકતા છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈઝરાઈલના લોકોને આપવામાં આવેલ બૂસ્ટર શોટ અન્ય દેશો માટે પણ અભ્યાસ તરીકે કામ કરશે. અમેરિકા સહિતના બાકીના દેશો પણ આમાંથી મેળવેલા અનુભવોથી શીખી શકશે. અમેરિકા અને બ્રિટન સહિત વિશ્વના ઘણા દેશોમાં ફાઈઝરની રસીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો ત્રીજો ડોઝ ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને વાયરસના ચેપથી બચાવે છે, તો અન્ય દેશો પણ આ પહેલ શરૂ કરી શકે છે.

CYMK

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૭ પધ રચનાઓ

વિષય : સફળતા - નિષ્ફળતા,,સક્રિય - નિષ્ક્રિય " વિષયક રચનાઓ. (૩૧-૭-૨૦૨૧) દિવસ - ૫

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

## NOG SS No-0011

વિષયઃ- સફળતા- નિષ્ફળતા
વિભાગઃ- પધ
પ્રકારઃ- મૌલિક રચના
શીર્ષક : શું?

મળવાનું ને જુદા થવું, જુદા થઈને દુઃખી થવું,
બોલો બોલો એ, હોઠોથી હવે કરવાનું શું?
મીઠી મીઠી વાતોથી ખુશ થવું, ને નિરાશ થવું,
કાનાની વાંસળીના સુર સિવાય સાંભળવાનું શું?
કાઢ કાંચળી નફરત,ક્રોધ ,ઈર્ષા ને અહમની,
આ નિષ્ફળતાને જીવનમાં મઢીને કરવાનું શું?
તન વશમાં રાખી, એકમેકનાં મનને જાણવું,
આ જગમાં, માનવથી મહામાનવ બનવાનું શું?
પુણ્યનાં પ્રતાપે હવે ધરાથી સ્વર્ગમાં આવું,
હે પરમાત્મા ! સત્કર્મ જીવનમાં કરવાનું શું?
ગાઢ પ્રેમ ને વિશ્વાસ એકમેકના મનમાં હોવું,
જ્યોતિ આત્માની વિભુને અર્પણ કરવાનું શું?
સફળ થવું કે વિફળ મુજ હાથમાં કે નસીબમાં,
નિષ્ફળતાથી રોજ રોજ આમ ગભરાવવાનું શું?
હશે કંટક, કંકર ,ખાડા ને ટેકરા ડગલે પગલે,
મળે જો 'મન' ભરી સફળતાથી છકી જવાનું શું?

મનોજકુમાર પંચાલ 'મન' પાલનપુર

---

## NOG SS NO - 0037

વિષય - સફળતા,નિષ્ફળતાં,સક્રિયતા, નિષ્ક્રિયતા.
વિભાગ - પધ.
શીર્ષક - જિંદગી એક સફર.

હે,જિંદગી હમસફર મારો સાચો તું....!
તને જીવવા સૌ કોઈ આવ્યાં અહીંયા.
હે, જિંદગી તને જીવવાની ચાહ સૌની અલગ..!
મેળવીને પણ ઘણું,ખાલી હાથે ગયાં,
હે,જિંદગી માણો તો મોજ,બાકી સજા,
ઘણાં સત્ કર્મનું ભાથું બાંધી ગયાં...!
હે, જિંદગી જીતવા અહીંયા આવ્યાં સૌ.
હાર ને પણ પચાવી જાણ્યા અમે....!
હે, જિંદગી રંગોની રંગોળી તું,
હર ક્ષણ તારી સાથે હોળી ખેલ્યાં અમે....!
હે, જિંદગી હર પ્રભાત નવી આશ તું,
હર સાંજ શ્વાસ ટૂંકાવે તું..!
હે, જિંદગી સફર તારી કઠીન યાત્રા,
અમે ભવસાગર તરી જવાના ..!
હે, જિંદગી જન્મથી મૃત્યું સુધીનો સંગાથ તું,
હર ક્ષણ ઘટતી તું,ચાહ તારી વધે ...!

હેમલતા દિવેચા. (હેમ )

---

## NOG SS No 0091

વિષયઃ સફળતા નિષ્ફળતા
પ્રકારઃ પધ
શીર્ષકઃ સફળતાની આશમાં

વાગ્યુ એકબીજ જમીનમાં મળી વટ વૃક્ષની છાયા.
કરી મહેનત ધરતી તાતે મળી એને સફળતા.
કર્યું તુ સાહસ દેડકાએ જ્યારે પડ્યો દહીંનાં માટમાં.
વલોવી વલોવી બનાવ્યું માખણ ને નીકળ્યો એ બારમાં.
કર્યું સાહસ કાગડાએ પાણી પીવાની આશમાં
કાંકરા નાંખી કુંજમાં તરસ છીપાવી હાશમાં.
કર્યું સાહસ પતંગિયાએ જીવન જીવવાની ચાહમાં.
નીકળી કોશેટોમાંથી પંખ ફેલાવી ઉડ્યું એ બાગમાં.
કર્યું સાહસ કીડીએ લક્ષ પોતાનું સેવવા.
પડતા આખડતા પણ ચડી ઉપર ગુરુ બની સમાજમાં.
નિષ્ફળતાથી દૂર રહો સફળતાની આશમા.
ધાર્યા કામ પૂરા કરશો રહેશો તમે શાનમાં.

જિજ્ઞાસા યુ જોષી, " શુક"

---

## NOG.SS.No:0099

શબ્દ : સફળતા-નિષ્ફળતા
વિભાગઃ પધ
શીર્ષકઃ સફળતાનું રહસ્ય

હું નિષ્ફળતાથી નહિ ડરી,
નિત્ય તનતોડ મહેનત કરી,
તેથી જ હું સફળતાને વરી.
થાકીને કામ છોડ્યું નહીં,
કદી ભાગ્યને જોડ્યું નહીં,
ડરીને કર્તવ્ય તોડ્યું નહીં.
પ્રાર્થનાની શ્રધ્ધા તૂટી નહીં,
અંતરની શક્તિ ખૂટી નહીં,
ભાવિની ચિંતા છૂટી નહીં.
ઉદ્યમ કરીને આયખું વીતાવ્યું,
સેવાભાવથી જીવન મહેકાવ્યું,
સફળતાનું રહસ્ય સૌને બતાવ્યું.

ભાવના મિસ્ત્રી 'અભય' (વલસાડ)

---

## NOG SS No 0032

વિષયઃ સફળતા નિષ્ફળતા
પ્રકારઃ પધ
શીર્ષકઃ હું સફળ છું

ના કરો ચિંતા સફળતા કે નિષ્ફળતાની,
કહેવત છે "હિમંતે મરદા તો મદદે ખુદા".
ના માનશો કે હું નિષ્ફળ અને નિરાશ છું,
પડી ફરી ઊભો થાઉં એટલો હું સફળ છું.
નિષ્ફળતા મારી સફળતામાં બદલાઈ ગઈ,
જિંદગી મારી સાથ સાથ બદલાઈ ગઈ.
પગલે પગલે નિશાની એની શોધતી રહી,
શિખરો સર કરવા ધીરજનો સાથ શોધતી રહી.
જિંદગીનાં ખેલમાં સફળતા મેળવવી મુશ્કેલ છે,હિંમતથી ચાલતા રહીશું તો જિંદગી આસાન છે.નિષ્ફળતામાં ભૂલો શોધે એ દુશ્મન નહીં,મિત્ર છે,હારેલી બાજી જીતવી એ સફળતાની નિશાની છે.
કર્મને સાથ લઈ ચાલશું તો સફળતા આસાન છે,મુસીબતો આવે અને જાય હિમંત નહીં હારશું.
કોઈને નીચા પાડી નથી મેળવવી સફળતા,
સન્માન આપી જીત મેળવવી એજ સફળતા.
મનને મનાવવાં છતાંય મન મારું માન્યુ નહીં,
સફળતા પછી નિષ્ફળતાનો રંગ મેં જોયો નહીં.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

## NOG SS No -0050

પ્રકાર - પધ
વિષય - સફળતા
શીર્ષક - એજ મારી સફળતા.

જે મળ્યું છે એ માણી લઉં..! "સ્વ" ના મમેને..!
સપનાંથી સજાવું કર્મ મારા..!વિશ્વાસ જ્યોતિની શ્રદ્ધાથી, જીવનની દોડધામ ભરી જીંદગીમાં હું..!
એ સફળતા પગથિયાં ભરું..!
જ્યાં મળે હાશકારો મને, મીઠી શીતળ છાયા મારી સફળતાની..!
ત્યાં લ્હાવો લઉં નિર્મળતાનો..!
નિજાનંદની સ્વપ્ન મસ્તીમાં કુશળતા વસે હૃદયે..!
જીવનનાં કંટક રૂપી રાહ પર વેરાવી દઉં પુષ્પો...!
એજ મારી સફળતા..!
ચંચળ મનડું માંગે સફળતા..!
જ્યારે મહેનત પછી ન મળે સફળતા તો ...!
મનડું મ્હોય જ કચવાતુ..!
ને વધતી વયે બદલું જીવનનો અભિગમ હું...!
કર્મ પ્રમાણે મળે વળતર..! વર્તમાનમાં જો થાય ભૂલ તો સુધારી લઉં..!
મહેનત કરશો તો મળશે જરૂર વળતર..!
સફળતા મારા ભાલે જ છે..! અદભૂત તાકાત હોય ,
કર્મ પંથના રાહે..!
ચૂમે છે કદમો વિજય સન્મુખ સન્માનો બસ...!
એ જ મોટી સફળતા...!

રાગીની શુક્લ "રાગ". મુંબઈ, કાંદિવલી

---

## NOG SS No.19

વિષય....સફળતા- નિષ્ફળતા
પ્રકાર.. પધ
અછાંદસ
શીર્ષક.... પડકાર

થશે પડકાર જીવનમાં અનેક, હામ હવે તું ખોતો નહીં!
થવું સફળ કે નિષ્ફળ, એ પડમાં હવે પડતો નહીં!
જોમ તારું બનાવે તને સફળ,નિરાશ બની તું નિષ્ફળતાને વરતો નહીં !
છે ઉગતાં સૂર્યના પૂજારી અનેક,વીણીને સાચાં મોતી,
કિનારે આવી ડૂબતો નહીં !
દર્દ તારું છે તો બનજે ઇલાજ તું જ ,
રંકને રાયનાં ફાંસલે પડતો નહીં!
છે કાફી બસ દ્રઢ નિશ્ચય એક,
જો તું ચડીશ સફળતાની સીડી ઠેઠ ,
આજ હવે તું ડગ પાછાં ભરતો નહીં!

કલ્પનાબેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

### ગાંધીનગર જિલ્લામાં સુશાસનના

# પાંચ વર્ષની ઉજવણીના સુઆયોજન અર્થે જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ

ગાંધીનગર

રાજયના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના દીધર્દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ ગુજરાતમાં અનેક જન ઉપયોગી યોજનાઓનો આરંભ થયો છે. ગાંધીનગર જિલ્લા સહિત રાજય નાગરિકોને આ યોજનાઓનો લાભ થયો છે. રાજયને મુખ્ય મંત્રીશ્રી રૂપાણીનું નેતૃત્વ મળ્યે આગામી ઓગસ્ટ માસમાં પાંચ વર્ષ પૂર્ણ થશે, તેના નિમિત્તે ''પાંચ વર્ષ આપણી સરકારના- સૌના સાથ, સૌના વિકાસના અંતર્ગત રાજયભરમાં વિવિધ કાર્યક્રમો થકી રાજયની અવિરત વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સૌના સાથ, સૌના વિકાસ થકી જનભાગીદારી દ્વારા લોકોને જોડીને સુશાસનના પાંચ વર્ષ નિમિત્તે વિવિધ લોકોપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના પાંચ વર્ષની જન ભાગીદારીથી જન ઉપયોગી કાર્યો- સેવાઓને વધુ સઘન બનાવાશે અને વિવિધ ફ્લેગ શીપ યોજનાઓનો વ્યાપ પણ વધારાશે. એટલુ જ નહી. ગાંધીનગર જિલ્લામાં પણ આ અંગેનું આયોજન કરવામાં આવ્યું છે. ''પાંચ વર્ષ આપણી સરકારના- સૌના સાથ, સૌના વિકાસના અંતર્ગત યોજાનાર આ કાર્યક્રમોની વિગતો આપતાં આજરોજ યોજાયેલ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી ર્ડા. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે,આગામી તા.૧લી ઓગસ્ટનાદિનને ''જ્ઞાનશક્તિ દિવસ'' તરીકે ઉજવણી કરવામાં આવશે. આ દિને શિક્ષણને લગતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રને વધુ શ્રેષ્ઠ બનાવવાની દિશામાં પ્રયત્નો કરાશે. તા. ૦૨ ઓગસ્ટના દિનને ''સંવેદના દિવસ'' તરીકે ઉજવવામાં આવશે. આ દિવસની ઉજવણી નિમિત્તો જિલ્લાના નાગરિકોને વિવિધ સરકારની ફેલગશીપ યોજનાઓનો લાભ તેમને મળી રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યું છે. તા. ૦૩ ઓગસ્ટને અન્નોત્સવ દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી વર્ચ્યુઅલી રાજયમાં યોજનાર વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બનશે. તા.૪થી ઓગસ્ટના દિનને ''નારી ગૌરવ દિવસ'' તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે જિલ્લાની મહિલાઓના સન્માન તથા ઉત્કર્ષના હેતુસર મહિલાઓ સાથે સંકળાયેલા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી ''નારી ગૌરવ દિવસ'' નિમિત્તો મહિલાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાશે. તા.૫ મી ઓગસ્ટના દિનને '' કિસાન સન્માન દિવસ'' તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે સમગ્ર જિલ્લામાં નક્કી થયેલા સ્થળો ખાતે કિસાન સૂર્યોદય યોજના અને સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. જિલ્લાના યુવાનોને રોજગારી પૂરી પાડવાના ઉદ્દેશ સાથે રોજગાર મેળાઓ સહિતના વિવિધ કાર્યક્રમો થકી તા.૦૬ ઓગસ્ટે '' રોજગાર દિવસ'' ના અંતર્ગત રોજગારીની તકો અંગેના કાર્યકમો યોજાશે. તા.૦૭મી ઓગસ્ટે '' વિકાસ દિવસ'' અંતર્ગત જિલ્લામાં ચાલી રહેલી અવિરત વિકાસની પ્રક્રિયાને વધુ તીવ્ર ગતિથી આગળ લઇ જવાશે. તા.૦૮મી ઓગસ્ટે ''શહેરી જન સુખાકારી દિન'' અંતર્ગત શહેરી જન સુખાકારીની વ્યવસ્થા વધુ સઘન બનાવા માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૦૯મી ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવશે.

---

### ચાંદી-મિનીના ઓપ્શાન્સમાં સપ્તાહના અંતે રૂ.૧૧.૧૫ કરોડનું રેકોર્ડ ટર્નઓવર નોંધાયુ

# ક્રૂડ તેલમાં ૨.૧૮ કરોડ બેરલ્સના સાપ્તાહિક વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા વધ્યા

**સોનાના વાયદાના ભાવમાં રૂ.૬૪૭ અને ચાંદીમાં રૂ.૮૨૬ની તેજીઃ સીસા સિવાયની બિનલોહ ધાતુઓમાં વૃદ્ધિઃ કપાસ, કોટન, સીપીઓમાં સાર્વત્રિક સુધારોઃ મેન્થા તેલ, રબરમાં નરમાઈઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૩૧૩ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૬૩૪ પોઈન્ટની મૂવમેન્ટ**

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૩ થી ૨૯ જુલાઈના સપ્તાહ દરમિયાન ૧૭,૯૬,૪૧૨ સોદાઓમાં કુલ રૂ.૧,૫૩,૧૨૮.૪૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૩૧૩ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૬૩૪ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧,૯૧,૩૦૪ સોદાઓમાં રૂ.૧૯,૦૮૦.૫૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૫૫૪.૩૯ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૨૮.૩૩ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩,૬૯૦.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. અત્રે એ ઉલ્લેખનીય છે કે સપ્તાહના અંતે ચાંદી-મિનીના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૧.૧૫ કરોડનાં ૧,૬૧૫ કિલોનું રેકોર્ડ ટર્નઓવર નોંધાયું હતું, જ્યારે સપ્તાહના અંતે ચાંદી-મિનીના ઓપ્શન્સમાં ઓપન ઈન્ટરેસ્ટ ૧,૨૯૫ કિલોના સ્તરે રહ્યો હતો.

સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૮૦,૬૩૧ સોદાઓમાં કુલ રૂ.૫૨,૦૨૭.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૪૭,૫૭૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૮,૩૧૦ અને નીચામાં રૂ.૪૭,૩૦૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૪૭ વધી રૂ.૪૮,૨૮૧ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૪૧ વધી રૂ.૩૮,૭૦૦ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩૫ વધી રૂ.૪,૮૪૭ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૭,૪૮૭ સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૮,૪૯૦ અને નીચામાં રૂ.૬૫,૬૫૬ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૮૨૬ વધી રૂ.૬૮,૨૦૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧,૭૭,૬૦૮ સોદાઓમાં રૂ.૩૨,૬૧૯.૪૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૨૦ વધી રૂ.૨૦૪.૩૫ અને જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૮.૩૫ વધી રૂ.૨૫૧ના ભાવે બંધ થયો હતો. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૨૪.૯૫ વધી રૂ.૭૬૦.૮૦ અને નિકલ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧૦૩.૭ વધી રૂ.૧,૫૨૨.૧૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ ઘટી રૂ.૧૭૭ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૬,૦૫,૯૫૯ સોદાઓમાં કુલ રૂ.૪૪,૬૭૬.૯૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૫,૩૪૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૪૬૪ અને નીચામાં રૂ.૫,૨૬૮ સુધી જઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૦૪ વધી રૂ.૫,૪૪૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૭૦ વધી રૂ.૩૦૧.૯૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૧,૪૧૯ સોદાઓમાં રૂ.૩,૦૪૫.૭૯ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૧,૪૦૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૪૪૯ અને નીચામાં રૂ.૧૩૮૩.૫૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૯.૫૦ વધી રૂ.૧,૪૪૩.૫૦ બંધ થયો હતો. આ સામે રબર જુલાઈ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૩૫૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૭,૫૦૦ અને નીચામાં રૂ.૧૬,૭૨૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૭૪ ઘટી રૂ.૧૭,૩૦૦ના ભાવે બંધ થયો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૧૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૮૮.૯૦ અને નીચામાં રૂ.૧૧૧૫.૩૦ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૬.૨૦ વધી રૂ.૧૧૮૮ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૩.૩૦ ઘટી રૂ.૯૩૩ અને કોટન જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૬૪૦ વધી રૂ.૨૭,૨૫૦ બંધ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧,૮૨,૬૧૭ સોદાઓમાં રૂ.૨૬,૬૧૭.૬૩ કરોડનાં ૫૫,૭૬૬.૫૨૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫,૯૮,૦૧૪ સોદાઓમાં કુલ રૂ.૨૫,૪૧૦.૨૪ કરોડનાં ૩,૭૮૨.૫૬૭ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨,૧૬૮.૭૧ કરોડનાં ૧,૦૭,૮૭૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩,૮૦૮.૯૯ કરોડનાં ૧,૫૫,૭૦૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૫,૬૫૧.૫૦ કરોડનાં ૨,૦૭,૨૮૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૯,૭૩૨.૨૬ કરોડનાં ૬૬,૧૩૨૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૨૫૮.૦૩ કરોડનાં ૭૦,૯૧૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧,૨૬,૩૮૯ સોદાઓમાં રૂ.૧૧,૭૩૭.૨૫ કરોડનાં ૨,૧૮,૭૨,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૪,૭૯,૫૭૦ સોદાઓમાં રૂ.૩૨,૯૩૯.૬૬ કરોડનાં ૧,૧૦,૩૩,૧૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૫૯ સોદાઓમાં રૂ.૧.૭૩ કરોડનાં ૨૪૪ ટન અને કોટનના વાયદાઓમાં ૫,૨૧૩ સોદાઓમાં રૂ.૫૫૫.૮૨ કરોડનાં ૨૦૬૦૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨,૧૧૯ સોદાઓમાં રૂ.૮૯.૨૮ કરોડનાં ૯૩૯.૨૪ ટન, રબરના વાયદાઓમાં ૨૦૫ સોદાઓમાં રૂ.૪.૪૪ કરોડનાં ૨૬૦ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧૩,૮૨૩ સોદાઓમાં રૂ.૨,૩૯૪.૫૨ કરોડનાં ૨,૦૯,૪૯૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫,૪૫૧.૭૫૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૪૬૨.૦૫૯ ટન, એલ્યુમિનિયમમાં ૧૬,૫૯૫ ટન, જસત વાયદામાં ૯,૮૯૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૦,૭૪૦૦ ટન, નિકલ વાયદામાં ૪,૪૨૫૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૭,૦૧૦ ટન, ક્રૂડ તેલમાં ૬,૭૦,૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૧૫,૩૭,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૧૬ ટન, કોટનમાં ૧૫૭૪૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૨૮.૭૬ ટન, રબરમાં ૧૦૭ ટન, સીપીઓમાં ૮૬,૦૨૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન ૧૯,૪૯૧ સોદાઓમાં રૂ.૧,૬૭૭.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૧૦,૪૨૭ સોદાઓમાં રૂ.૮૭૧.૬૮ કરોડનાં ૧૧,૯૭૭ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯,૦૬૪ સોદાઓમાં રૂ.૮૦૬.૨૦ કરોડનાં ૧૦,૧૯૭ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૧,૧૨૨ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૪૩૩ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૫૭૫ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૭૫૫ અને નીચામાં ૧૪,૪૪૨ના સ્તરને સ્પર્શી, ૩૧૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૬૯ પોઈન્ટ વધી ૧૪,૭૪૪ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૪૮૦ના સ્તરે ખૂલી, ૬૩૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૦૧ પોઈન્ટ વધી ૧૬,૦૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

---

# સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા અમદાવાદ દ્વારા ઓગષ્ટ માસમાં ઓવરસીઝ / એમ્પ્લોઇમેન્ટ વેબિનાર યોજવામાં આવશે

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સંચાલિત મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા આગામી ઓગસ્ટ માસમાં વિદેશમાં અભ્યાસ કરવા જવા માટે અને રોજગાર માટે યુવાનોને ઓનલાઈન માર્ગદર્શન પુરૂં પાડવા માટે ઓવરસીઝ /એમ્પ્લોયમેન્ટ અને કેરિયર ઈન્ફર્મેશન સેન્ટર ઓનલાઈનનું આયોજન થનાર છે. આ વેબિનારમાં વિવિધ દેશોના ઈમિગ્રેશનના નિયમો અને હાલની પરિસ્થિતિ પ્રમાણેની માહિતી આપવામાં આવશે.

ઉપરોકત વેબિનારમાં ભાગ લેવા માટે ઉમેદવારોએ http://t.ly/DLgl પર રજિસ્ટ્રેશન કરીને અદ્યતન માહિતીનો લાભ લઈ શકશે. ઉપરાંત કચેરીનો હેલ્પલાઇન નંબર૦૭૯-૨૯૭૦૩૬૪૨ ઉપર ફોન કરીને પણ વિશેષ માર્ગદર્શન અને માહિતી પ્રાપ્ત મેળવી શકશે તેમ મદદનીશ નિયામક રોજગાર,અમદાવાદની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

# રૂપાણી સરકારનો મોટો નિર્ણય ૯.૬૧ લાખ કર્મચારી-પેન્શનરોને ૩ મહિનાના મોંઘવારી ભથ્થાનું એરિયર્સ ચૂકવાશે

*ગાંધીનગર,તા.૩૦*

ગુજરાત સરકારે સરકારી પેન્શનરો-કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. રાજ્ય સરકારના ૯ લાખ ૬૧ હજારથી વધુ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને ઓક્ટોબર-૨૦૧૯થી ડિસેમ્બર-૨૦૧૯ સુધીના ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની ચુકવણી બાકી હતી. તે એરિયર્સની રકમ ઓગસ્ટ માસના પગારની સાથે ચૂકવવાનો નિર્ણય કર્યો છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારના ૯ લાખ ૬૧ હજારથી વધુ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને ૧ જુલાઈ ૨૦૧૯થી ૫ ટકા મોંઘવારી ભથ્થું આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. આ મોંઘવારી ભથ્થુ જાન્યુઆરી-૨૦૨૦થી દર માસે પગાર સાથે ચૂકવવામાં આવી રહેલ છે.

૧ જુલાઈ ૨૦૧૯ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી એમ કુલ-૬ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ રાજ્યના કર્મચારીઓ તથા પેન્શનરોને ચૂકવવાનો નિર્ણય કર્યો હતો. તે પૈકી જૂલાઈ-૨૦૧૯થી સપ્ટેમ્બર-૨૦૧૯ના રકમની ચૂકવણી કરવામાં આવી હતી અને બાકી રહેતા ઓક્ટોબર-૨૦૧૯ થી ડિસેમ્બર-૨૦૧૯ સુધીના ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની ચૂકવણી બાકી હતી. તે એરિયર્સની રકમ ઓગસ્ટ માસના પગારની સાથે ચૂકવવાનો નિર્ણય કર્યો છે.

## પ્રજાલક્ષી કામોમાં જોડાઈને પ્રજાના નકારાત્મક પ્રશ્નોનો નિકાલ લાવવો -પ્રભારીમંત્રીશ્રી રમણ પાટકર

# અરવલ્લી જીલ્લામાં લોકોના પ્રશ્નોના નિરાકરણ લાવવા પ્રભારીમંત્રીશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં લોકોના પ્રશ્નોનો ઝડપથી નિરાકરણ લાવવા માટે જીલ્લાના કલેકટર કચેરીના સભાખંડ ખાતે વન અને આદિજાતી વિકાસમંત્રીશ્રી તથા અરવલ્લી જીલ્લા પ્રભારીમંત્રીશ્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં તથા જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ. જેમાં આ બેઠકમાં ૭૨ જેટલા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. તેમાં સામુહિકના ૩૨ પ્રશ્નો વ્યક્તિગત ૨૮ તથા તથા નીતિવિષયક ૧૨ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી.જેમાં તાલુકાના જુદા-જુદા પ્રશ્નોની રજૂઆત વિગત વાર કરાઈ.

જેમાં લોકો દ્વારા મોડાસાના બોરડી ગ્રામ પંચાયતના લીઝના બાબતે, મોડાસામાં વારંવાર વીજળી જતી રહેવા, મોડાસામાં સુજલામ સુફલામ યોજનાની પાઈપ લાઈનથી આજુબાજુના કિલોમીટરના અંતરના તમામ તળાવો ભરવા બાબતે, મોડાસાના મોટી બોરડી ખાતે સી.સી. રોડ મજુર કરવા બાબતે દાવલી ગ્રામ પંચાયતની હદમાં આવેલ શામપુર દાવલીના ડુંગર પર ખનીજ કોરી યુદ્ધના ધોરણે બંધ કરાવવા બાબત, કસાણા ગામે પોલીસ ચોકીની મંજૂરી આપવા બાબત, ડામોર ફળિયામાં જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવા બાબત, મોડાસા કોલીવડ ખાતે નવી આંગણવાડી કાર્યરત કરવા બાબત, મેઘરજના ઈટવા ગમે ગૌચર જમીનમાં થયેલ દબાણ દુર કરવા બાબત, કંટાળુ ગામે કેનાલ ચાલુ કરવા બાબત, ભિલોડા બંધ બસો પુનઃ ચાલુ કરવા બાબત, ભિલોડા જુના મકાનને નવીન કરવા બાબત, મોંઘરી ગ્રામપંચાયતમાં નર્મદાના પાણી માટે અન્ડર ગ્રાઉન્ડ ટાંકાની જરૂર હોઈ મંજૂર કરવા બાબત, આદિવાસી વિસ્તારમાં રોજગારની તકો ઉભી કરવા બાબત, માલપુર ગંદકી દુર કરવા બાબત જેવા પ્રશ્નોની રજૂઆત સામુહિક અને વ્યક્તિગત રીતે કરવામાં આવી.

જે અંતર્ગત વન અને આદિજાતી વિકાસમંત્રીશ્રી તથા અરવલ્લી જીલ્લા પ્રભારીમંત્રીશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું કે, આ પ્રકારના કાર્યક્રમ ભૂતકાળમાં સરકારશ્રીની સૂચના પ્રમાણે કામ કરવું, સંપાદનમાં આવેલ વળતરના રજૂઆત બાદ મળેલ હોવાથી પ્રશ્નોને પૂર્ણ કરવા, આજે તંત્રશ્રી દ્વારા લોકોના પ્રશ્નોને સાભળવા અને નિકાલ કરવા, રેશનકાર્ડના પ્રશ્નોનો પણ નિકાલ કરવો,પ્રજાલક્ષી કામોમાં જોડાઈને પ્રજાના નકારાત્મક પ્રશ્નોનો નિકાલ લાવવો, પ્રજાના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવું, આજે આવેલ પ્રશ્નોમાં જે પણ સબંધિત અધિકારીશ્રીઓએ આ પ્રશ્નોની નોંધ લેવી તથા પ્રજાને કોઈ પમ કામ માટે વારંવાર કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેનું ધ્યાન રાખવું તથા પ્રજાના દરેક પ્રશ્નોનો ઝડપથી નિરાકરણ લાવીશું તેમ પ્રજાને અનુરોધ કર્યો.

તેમણે વધુમાં જણાવ્યુ કે ૧ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ સુધી સરકારના ૫ વર્ષ પૂર્ણ થવાના અવસર નિમિત્તે અનેક કાર્યક્રમો યોજાશે જેમાં લોકોને અનાજ ન મળતું હોય તેવા લોકોની કાળજી લેવી તથા તેમણે સરકારની દરેક યોજનાઓનો લાભ મળતો રહે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ , જીલ્લા અગ્રણી પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી શ્રીમાળી,પ્રયોજના વહીવટદારશ્રી, ડી.વાય.એસ.પી.શ્રી વિશાલ રબારી, આઈ.સી.ડી.એસ. અધિકારીશ્રી, પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી, સિંચાઈ અધિકારીશ્રી, જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી તથા જીલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા..

## સિવિલ મેડિસીટી ખાતેની કેન્સર હોસ્પિટલના નિષ્ણાત તબીબો માર્ગદર્શન આપશે

# ગુજરાત પ્રેસ અકાદમી અને પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે "કેન્સર સામે સતર્કતા" વિષય આધારિત પરિસંવાદનું આયોજન




અમદાવાદ સિવિલ મેડિસીટીની ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ(G.C.R.I.) ખાતે ગુજરાત પ્રેસ અકાદમી અને પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે "કેન્સર સામે સતર્કતા" વિષય આધારીત પરિસંવાદ યોજાશે.

આજે તારીખ ૩૧ મી જૂલાઈના રોજ આ પરિસંવાદનું ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના સહયોગથી આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્યમાં ત્રણ પ્રકારના કેન્સર વધુ થતા જોવા મળે છે. જેમાં મોઢાના ભાગનું કેન્સર, ગર્ભાશયનામુખનું કેન્સર અને સ્તનના કેન્સરનો સમાવેશ થાય છે.રાજ્યમાં કુલ નોંધાતા કેન્સરના કેસમાંથી ૫૦ ટકા કેસ આ ત્રણ પ્રકારના જોવા મળે છે.

આ પરિસંવાદમાં ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર ડૉ. શંશાક પંડ્યા દ્વારા ગુજરાત સરકારની કેન્સર સામેની લડતમાં જી.સી.આર.આઇ.ની ભૂમિકા વિશેનો ચિતાર રજૂ કરવામાં આવશે.

વધુમાં કેન્સર હોસ્પિટલના નિષ્ણાત તબીબો ડૉ. પ્રિયાંક રાઠોડ- મોઢાના કેન્સર વિષે, ડૉ.કેતૂલ પૂંજ-સ્તનના કેન્સર વિષે અને ગર્ભાશયના મુખના કેન્સર વિષય પર ડૉ. બિજલ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

કેન્સરની સારવારમાં મહત્વની થેરાપી એવી પેલેએટિવ મેડિસીન વિશે ડૉ.પ્રીતી સંઘવી ચર્ચા કરશે.

રાજ્યના નાગરિકોમાં આ ત્રણેય પ્રકારના કેન્સર પ્રત્યે જાગૃતિ કેળવાય,તેનું વહેલું નિદાન કરી દર્દીને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી "કેન્સર સામે સતર્કતા" પરિસંવાદની જનજાગૃતિમાં ભૂમિકા મહત્વની બની રહેશે.

## રજૂઆતો છતાં કોઈ કાર્યવાહી નહીં

# અબડાસામા પુરવઠા તંત્રના કર્મીઓની તપાસ કરવાની તંત્ર સમક્ષ માગ કરાઈ

### કૌભાંડમાં સામેલ કર્મચારી સામે કાર્યવાહી કરવા કલેકટરને રજૂઆત

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

અબડાસા તાલુકામાં પુરવઠા તંત્રમાં મોટા પાયે ભ્રષ્ટ વહીવટ આચરવામાં આવી રહ્યો હોવા અંગે કલેકટરને પત્ર લખીને કૌભાંડમાં સામેલ કર્મચારી સામે કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી.

અગ્રણી ડો.શૈલેશ જોશી અને પ્રતિનિધિ મંડળે કલેકટર પ્રવિણા ડી.કે સમક્ષ રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી કે, અબડાસા પુરવઠા તંત્ર દ્વારા વહીવટમાં લાલીયાવાડી ચાલે છે. છેલ્લા દોઢ વર્ષથી ડો.જોશીએ મુખ્યમંત્રી, મુખ્યસચિવ, પુરવઠામંત્રી, કલેકટર, પુરવઠા અધિકારી અને અબડાસા પ્રાંત અધિકારીને પુરવઠામાં ચાલતા ભ્રષ્ટાચાર અંગે લોકોએ કરેલી રજૂઆતો તેમજ ભ્રષ્ટાચાર સંદર્ભનાં તમામ પુરાવા, ઓડીયો-વીડીયો કલીપ તંત્ર સમક્ષ પહોંચાડી હતી અને જવાબદાર સામે સખત પગલા લેવા જણાવ્યુ હતુ. અબડાસા પુરવઠા વિભાગનાં ફરજ બજાવતા ચોકકસ કર્મચારીનાં બેંકની ડીટેઈલ તપાસમાં આવે તો જાણવા મળશે કે હપ્તાઓ સીધા બેંકના ખાતામાં જમા થયેલ છે.

ઓફિસમાં રાજકીય અગ્રણીઓ અને એસોસિએશનના પદાધિકારી દ્વારા જે વ્યવહારો થયેલ છે તે અંગે પણ પુરાવાઓ બહાર આવશે.

ભ્રષ્ટાચારમાં સામેલ કર્મચારીની સીઆઈડી ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવે તો સમગ્ર ભ્રષ્ટ વહીવટનો પર્દાફાશ થવાની સંભાવના કલેકટરને કરવામાં આવેલી રજૂઆતમાં વ્યકત કરવામાં આવી છે.

# ભારતીય સૈન્યના પેરા એથલેટ ટોક્યો પેરાલિમ્પિક્સ ૨૦૨૦ માટે ક્વોલિફાઇ થયા

અમદાવાદ

ભારતીય સૈન્યના પેરા એથલેટ હવિલ્દર સોમન રાણા ટોક્યો પેરાલિમ્પિક્સ ૨૦૨૦ માટે સીટેડ શોટ પૂટ, હ્ઞ ૫૭ શ્રેણીમાં ભાગ લેવા માટે પસંદ થયા છે. તેઓ કિર્કી સ્થિત મ્ઈ્ય એન્ડ સેન્ટરના સૈન્ય પેરાલિમ્પિક નોડ (સૈન્ય રમતગમત નિયંત્રણ બોર્ડના છત્રા હેઠળ રચાયેલ)ના પેરા એથલેટ છે. સોમન રાણા આંતરરાષ્ટ્રીય પેરા એથલેટ છે અને આ શ્રેણીમાં વર્લ્ડ રેક્રિંગમાં બીજા ક્રમે છે.

શિલોંગના રહેવાસી આ ૩૮ વર્ષીય એથલેટ ઉમદા પારિવારિક પૃષ્ઠભૂમિમાંથી આવે છે. ૦૧ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ ફિલ્ડ એરિયામાં તેમના યુનિટ સાથે સેવા આપતી વખતે, સુરંગ વિસ્ફોટના કારણે તેઓ ઈજાગ્રસ્ત થતા જમણો પગ ગુમાવ્યો હતો. એક પગ જવાથી મોટાભાગના લોકોની રમત પર પૂર્ણ વિરામ લાગી જાય છે પરંતુ સોમન રાણાએ હિંમત હાર્યા વગર તેમના ડર સામે લડત આપી અને પોતે સતત સ્વપ્રેરણા અને મક્કમ નિર્ધાર સાથે આગળ વધ્યા.

સોમન રાણાને ૨૦૧૭માં આર્મી પેરાલિમ્પિક નોડમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ નોડ તમામ સેવારત દિવ્યાંગ સૈનિકોને પેરા રમતોમાં આગળ વધવા માટે અને જીવનમાં સકારાત્મક અભિગમ વિકસાવવા માટે મંચ પૂરો પાડે છે. ૨૦૧૭માં આર્મી પેરાલિમ્પિક નોડનો પ્રારંભ થયો ત્યારથી આજદિન સુધીમાં આ નોડના પેરા એથલેટ્સે ૨૮ આંતરરાષ્ટ્રીય ચંદ્રકો અને ૬૦ રાષ્ટ્રીય ચંદ્રકો જીત્યા છે. તેમણે એશિયન પેરા ગેમ્સ, વર્લ્ડ મિલિટરી ગેમ્સ, વર્લ્ડ પેરા ચેમ્પિયનશીપ અને વર્લ્ડ ગ્રાન્ડ પ્રિક્સ ઈવેન્ટ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને ચંદ્રકો જીત્યા છે. આ વર્ષમાં, તમામ પ્રતિબંધો વચ્ચે પણ સોમન રાણા તુનિસ વર્લ્ડ પેરા એથલેટ્સ ગ્રાન્ડ પ્રિક્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યા હતા અને XIX રાષ્ટ્રીય એથલેટ્સ પેરા ચેમ્પિયનશીપમાં બે સુવર્ણ ચંદ્રક અને એક રજત ચંદ્રક જીત્યા હતા. સોમન રાણાએ આપણા દેશને ગૌરવ અપાવ્યું છે અને તેઓ ભારતીય સૈન્યના તમામ પેરા એથલેટ્સ માટે પ્રેરણારૂપ છે. તેઓ ટોક્યો પેરાલિમ્પિક્સ ૨૦૨૦માં ચંદ્રક જીતવાના પ્રબળ દાવેદારોમાંથી એક છે.

## માણાવદર સ્વામીનારાયણ મંદિર ખાતે

# લોક સાહિત્યકાર રાજભા ગઢવીનું સન્માન કરતા કોઠારી મોહનપ્રકાસદાસજી સ્વામી



આજે માણાવદર સ્વામીનારાયણ મંદિર ની મુલાકાતે આવેલા લોક સાહિત્યકાર રાજભા ગઢવી તાજેતરમાં આવેલ તોકતે વાવાઝોડમા ગીર વિસ્તારના નેસડામા પશુઓને ખવડાવવાનું લીલું ધાસ અને માંડવીનો પાલાઓ વાવાઝોડા તેમજ વરસાદને કારણે સાવ પલળી ગયેલ હતા ત્યારે રાજભા ગઢવી રાત દિવસ જોયા વગર ખેડુતો તેમજ નેસડામા રહેતા માલધારીઓની સતત ચિંતા કરતા હતા જયાથી સુકી નિરણ અને માંડવીનો પાલો ભેગો કરેલ. છેવટે તો પૈસા દેવા છતા પણ ધાસચારો મળતો ન હતો

ત્યારે રાજભા ગઢવીએ વિસાવદરના પત્રકાર વિપુલભાઈ લાલાણીનો સંપર્ક કર્યો હતો. અને વિપુલભાઈએ માણાવદરના પત્રકારો હિતેષ પંડયા તથા જીજ્ઞેશ પટેલનો ટેલિફોનીક સંપર્ક કરેલ અને કહેલ કે નેસડાઓમા અત્યારે પશુ માટે ઘાસ ચારાની તંગી છે તો તમે તમારા તાલુકામાંથી અમને થોડી મદદ કરો તો અમારા વિસ્તારના માલ ઢોર બચી જાય તેથી અમે આ બાબતે માણાવદર સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી મોહનપ્રકાસદાસજી ને નેસડા વિષે વાત કરી તો કોઠારી સ્વામીએ માણાવદર તાલુકાના કોઠારીયા ગામના ખેડુતોને રુબરુ મુલાકાત કરી અને વિસાવદર વિસ્તારના નેસડાઓમાં ઘાસચારાની તંગી છે તે વાત કરતા કોઠારીયા ગામના બધા ખેડુતોએ કહેલ કે તમે એક સંત તરીકે જો એટલી સેવા કરો છો તો અમે પણ આ સેવામા સહભાગી થવા ઈચ્છીએ છીએ તેથી કોઠારીયા ગામના ખેડુતોએ પચીસેક ગાડી માંડવીનો ભુક્કો ભેગો કરીને વિસાવદર તાલુકાના નેસ વિસ્તારમાં મોકલી આપ્યો હતો. તેથી રાજભા ગઢવીએ મનમાં સંકલ્પ કર્યો હતો કે હું આ વાવાઝોડાની કામગીરી માંથી ફ્રી થયને માણાવદર જરૂર જાય તેથી આજે માણાવદર સ્વામીનારાયણ મંદિર ની મુલાકાત કરેલ અને કોઠારી મોહનપ્રકાસદાસજી સ્વામીએ જાણીતા લોક સાહિત્યકાર રાજભા ગઢવીનું સન્માન કર્યું હતું. રાજભા ગઢવીએ કોઠારી મોહન પ્રકાશદાસજી સ્વામી તથા પત્રકારો હિતેષ પંડયા તથા જીજ્ઞેશ પટેલ તથા કોઠારીયા ગામના ખેડુતોને રુબરુ મળી આભાર વ્યકત કરેલ અને રાજભાએ કહેલ કે હવે મારે માણાવદરનો નાતો કાયમ રહેસે

તસવીર અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

## મુળ નડિયાદના વતની અને વર્ષોથી અમેરીકાના ન્યુજર્સીમાં સ્થાઈ થયેલ

# સ્વ.ભગવતીબેન સુભાષભાઈ શાહને તેમની પ્રથમ માસિક પૂણ્ય તિથિએ ઓનલાઈન શ્રધ્ધાંજલિ આપવામાં આવી



છેલ્લા સત્તર વર્ષોથી અમેરીકા જેવા વિશાળ દેશમાં ગુજરાતી ભાષા અને ગુજરાતીઓની સેવામાં નિરંતર સેવારત ' ગુજરાત દર્પણ ' એક અનોખું નિઃશુલ્ક માસિક બની રહ્યું છે. આ વિશાળ દેશના વિવિધ પ્રાન્તોમાં તેની ગુજરાતીઓ દર માસે રાહ જોતા હોય છે. આ નિઃશુલ્ક સામયિકની સ્થાપના અને વિકાસમાં સ્વ.ભગવતીબેન , શ્રી સુભાષભાઈ અને તેમના દિકરા કલ્પેશ શાહની અથાગ મહેનત રહેલી છે. ગત માસે એટલે કે જુન-૨૦૨૧ ની ૨૬ તારીખે આ સેવારત બેલડી ખંડિત થઈ અને સ્વ. ભગવતીબેન શ્રીજીચરણ પામ્યા. સદગત્તની પ્રથમ પૂણ્ય તિથિએ એક ઓનલાઈન શ્રધ્ધાંજલિ રૂપે કેલિફોર્નિયા ના સિલિકોન વેલી ના પ્રસિધ્ધ 'સરગમ સંગીત ગૃપ' અને દ.કેલિફોર્નિયાના 'ગુજરાતી સિનિયર ફ્રેન્ડ ' (GSFC)ના સંયુક્ત ઉપક્રમે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ ઢૈંસ દ્વારા યોજાયો.

'સરગમ સંગીત ગૃના 'ના પલક વ્યાસ તથા આશિષ વ્યાસ અને શશીકાન્ત વ્યાસ ના પારિવારિક સંગીત ગૃપ દ્વારા ' મંગલ મંદિર ખોલો ' પ્રાથના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. એક પછી એક સુંદર ભાવવાહી ભજનો અને ગીતો દ્વારા દિવંગત આત્માને શ્રધ્ધાંજલિ અપાઈ. અંતમાં શ્રી સુભાષભાઈ શાહે પોતાનો પ્રતિભાવ આપતા કહ્યુ કે સ્વ.ભગવતીબેન તેમેના સાહસના કરોડરજ્જુ હતાં અને શરૂઆત ના દિવસોમાં ખૂબ મહેનત કરી તેમણે ખૂબ સાથ આપ્યો હતો,

અંતમાં આ શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં પોતાનાં શ્રધ્ધા-સુમન અર્પણ કર્યા હતાં તેમાં મુખ્યત્વે જીગીષા પટેલ,રમણભાઈ તથા ડલાસથી સુભાષભાઈ શાહ અને કેલિફોર્નિયા થી કલ્પના રઘુ શાહ, ગુણવંતભાઈ પટેલ,હર્ષદરાય શાહ,કાન્તિભાઈ મિસ્ત્રી તથા ચંદ્રિકાબેન મિસ્ત્રી અને સી બી પટેલ વગેરે મુખ્ય હતા.

અંતમાં આ કાર્યક્રમમાં સરગમ સંગીત ગૃપ તથા અન્ય સૌ જોડાનાર વ્યક્તિઓનો ગુણવંતભાઈ પટેલે સૌ વતી આભાર માન્યો હતો.

( માહિતીઃગુણવંતભાઈ પટેલ અને તસ્વિરઃ કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# પાટણ ભાજપ યુવા મોરચા દ્વારા રોટરી ની એસ કે બ્લડ બેંક નું સન્માન



ભાજપ યુવા મોરચા દ્વારા કોરોના વોરિયર્સ સન્માન કાર્યક્રમ દરમ્યાન પ્રદેશ અગ્રણી નૌકાબેન પ્રજાપતિ , પ્રદેશ અગ્રણી શ્રી કે સી પટેલ, શ્રી ગોવિદભાઈ પટેલ,જિલ્લા પ્રમુખ શ્રી દશરથજી ઠાકોર સહીત મહાનુભાવો ની ઉપસ્થિતિ મા પાટણ યુવા ભાજપ પ્રમુખ ગૌરવ પ્રજાપતિ ની ટીમ દ્વારા અન્ય સંસ્થા ઓ ની સાથે રોટરી ક્લબ સંચાલિત એસ કે બ્લડબેંક ને પણ સન્માન કરવામાં આવી હતી

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના સમય દરમ્યાન બ્લડબેંક દ્વારા વિના રિપલેશમેનટ અને અડધા સર્વિસ ચાર્જ થી દર્દીઓની સેવા કરવામાં આવી હતી

બ્લડબેંક દ્વારા કોઈ પણ જાતની ડીપોઝીટ કે વધારા ના ચાર્જ વિના વર્ષો થી સેવા આપવામા આવી રહી છે

આ સાથે સ્વૈચ્છિક રકતદાતાઓ તથા રક્તદાન શિબિર ની આયોજક સંસ્થાઓ ને હાલ ની બ્લડ સ્ટોક ની અછત ના સમયે રક્તદાન કરવા બ્લડબેંક કમિટી દ્વારા અપીલ કરવામાં આવે છે

# અમદાવાદ શહેર અને ગ્રામ્ય માં જિલ્લાકક્ષાની ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ હેઠળની લલિત કલા અકાદમી ની કચેરી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી ની કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ૨૩/૦૮/૨૦૨૧ થી ૧૩/૦૯/૨૦૨૧ દરમિયાન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારના ૮ થી ૧૩ વર્ષના બાળકો (જન્મ તા.૩૧/૧૨/૨૦૨૧ને ગણવાની રહેશે) ભાગ લઈ શકશે, તેમ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી ની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ યાદી અનુસાર ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના ડ્રોઈંગ પેપર ×રક્ષાબંધન× વિષય પર પોતાની કૃતિ તૈયાર કરવાની રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકે પોતાનું નામ, ઘરનું સરનામું, ઈ મેઈલ આઈડી, મોબાઈલ નંબર તેમજ શાળાના નામ ની વિગતો લખવાની રહેશે અને ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડ ની ઝેરોક્ષ અથવા જન્મનું પ્રમાણપત્ર ની નકલ આપવાની રહેશે. ભાગ લેવા ઈચ્છુક તમામ સ્પર્ધકોએ પોતાની કૃતિ ની એન્ટ્રી રજીસ્ટર એ.ડી. તેમજ કુરિયર દ્વારા તા.૧૩/૦૯/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધી જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ૭મો માળ રવિશંકર રાવળ કલા ભવન એલિસ બ્રિજ જીમખાનાની બાજુમાં, લો ગાર્ડન અમદાવાદ ખાતે જિલ્લા યુવા વિકાસ અધિકારીને આપવાની રહેશે.

રાજ્યકક્ષાની સ્પર્ધામાં ૧૦ વીજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૨૫૦૦૦, દ્વિતીય વિજેતાને રૂ. ૧૫૦૦૦ અને તૃતીય વિજેતા ને રૂપિયા ૧૦,૦૦૦ ના ઈનામો અપાશે, બાકીના અન્ય સાત વિજેતાઓને રૂપિયા ૫,૦૦૦ (પ્રત્યેકને) આશ્વાસન ઈનામ આપવામાં આવશે.

આ સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના બ્લોગ એડ્રેસ- https://districtsportsahmedabad.wordpress.com પરથી અને કચેરી પરથી મેળવી શકાશે. ઉલ્લેખનીય છે કે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ૧-૧૦-૨૦૨૧ના રોજ ગુજરાતના યુવાધનને યોગ અને શારિરીક સશક્ત બનાવવાના હેતુથી મોબાઈલ ટુ સ્પોર્ટ્સ અભિયાનની નવતર પહેલ કરાઈ હતી. જેનો હેતુ યુવાનો કોરોના મહામારીમાં ફેસબૂક, વોટ્સઅપ ,અને વીડિયોગેમ્સમાં કિંમતી ન બગાડે અને સર્જનાત્મક પ્રવૃત્તિ ઓ તરફ વળે તે હતો, તેમ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી ની યાદીમાં જણાવાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.